જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૩/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

સી.આર.પી.સી.કલમ ૮૩ મુજબ
આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ– **સમાચાર યાદી નં.૩૦૫/૨૦૨૬**

નરોડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૩૧/૨૦૧૮ ઈપીકો કલમ ૩૦૨, ૧૨૦(બી), ૩૪ મુજબ તથા સેશન્સ કેસ નં.૬૦૯/૨૦૧૮ મુજબ ગુનાના કામે બીજેન્દ્ર ઉર્ફે રીંકુ સ/ઓ ચાંદસિંહ ગંગાબિશન વાલ્મીકી (રહે.ઢાકણીપુરા રબારીવાસ મહાકાળી મંદિરની પાસે, નાના ચીલોડાગામ, નરોડા. મુળ વતનઃ– ગામ– બોસ્ટી, તા.ટુહાના, જી.ફતીયાબાદ હરીયાણા) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા–ફરતા હોય નામદાર જજ શ્રી એમ.પી.પુરોહીત સાહેબ, એડીશનલ પ્રીન્સીપાલ અધિકસત્ર ન્યાયાધીશ, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૧૦/૦૩/૨૦૨૬ ના રોજ તથા તે પહેલા હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૩૦૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૨૨ કેસ કરી, ૧૧૬ વ્યક્તિઓને ઝડપી, ૫૫૨ લીટર દેશી દારૂ, ૩૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૦૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૬૬ બિયર ટીન, ૦૨ કાર અને ૦૪ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૪૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૩૦૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૩૦૮/૨૦૨૬**

રામોલઃ અમરાઈવાડી વસ્ત્રાલ રોડ ન્યુ રીટાનગર સોસાયટી ખાતે રહેતી ૨૦ વર્ષની યુવતીએ તા.૦૧/૦૩/૨૦૨૬ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે ડિસેમ્બર/૨૦૨૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન રામોલ સીટીએમ ચાર રસ્તા મેલડી માતાના મંદીર પાસે આરોપી (૧) જય નાગર (રહે.વટવા) અને (૨) માલીની હરેશભાઇ પંડયા (રહે. ગામ–સાયલા જી–સુરેન્દ્રનગર, હાલ રહે. જીવરાજ પાર્ક અમદાવાદ) એ ભેગા મળી યુવતી સાથે મિત્રતા કેળવી, જય નાગરે પૈસાની સગવડ કરી આપવા કહી યુવતી પાસેથી સોનાના દાગીના કિમત રૂપિયા ૬,૦૦,૦૦૦/– મેળવી લઇ દાગીના પરત નહી આપી યુવતી સાથે વિશ્વાસઘાત અને છેંતરપીડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.બી.રબારી ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૩૦૯/૨૦૨૬**

ઈસનપુરઃ સુનીલ બીહારીલાલ શાહ (ઉ.વ.૬૫)(રહે. પુષ્કર હીલ, શીવાનંદ બંગ્લોઝ સામે જશોદાનગર) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૩/૨૦૨૬ કલાક ૨/૦૦ થી ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઘોડાસર કેનાલ ગાર્ડન રોડ જનપથ સોસાયટી ખાતે સુનીલ શાહના ભાઈના મકાનના દરવાજાનું તાળું તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, કબાટમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૬૫૦૦/– મળી કુલ રૂપિયા ૧,૨૧,૨૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.આર.દામા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૩૦૯/૨૦૨૬**

ઈસનપુરઃ ઉષાબહેન વા/ઓ ગીરીશભાઈ જોષી (ઉ.વ.૪૫)(રહે.શ્રીરામ હાઈટ્સ, એસ.બી.ફાર્મ પાસે, નાના ચિલોડા) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૩/૨૦૨૬ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે ઘોડાસર બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ ખાતે અજાણી વ્યક્તિએ ભીડનો લાભ લઈ ઉષાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૫,૦૦૦/– ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એલ.રબારી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૩૧૦/૨૦૨૬**

ચાંદખેડાઃ ચાંદખેડા એસ.એમ.એસ હોસ્પિટલ કમ્પાઉન્ડ ડો.એમ.કે.શાહ મેડીકલ કોલેજ બોયઝ હોસ્ટેલ ખાતે રહેતા ચિંતન સ/ઓ કાનજીભાઈ પરમાર (ઉ.વ.૨૬)(મુળ વતન.જામનગર) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૩/૨૦૨૬ સવારના ૯/૦૦ વાગ્યા પહેલા બોયઝ હોસ્ટેલ ખાતે ૩૦૬ નંબરના પોતાના રૂમમાં પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એસ.એમ.એસ.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી આનંદભાઈ પરષોત્તમભાઈ ચલાવે છે.

નરોડાઃ રિતેશ પ્રવિણભાઈ કવૈયા (ઉ.વ.૩૬)(રહે.નરોડા પ્રાઈડ, મામા કલ્યાણ ચાર રસ્તાની બાજુમાં, નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૩/૨૦૨૬ સવારના ૪/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.આઈ.રાવલ ચલાવે છે.

ઓઢવઃ શૈલેષ મનોહર વાનખેડે (ઉ.વ.૩૮)(રહે.સોલીટર સ્કાય, પુષ્કર હિલ પાસે, ગુરૂદ્વારા પાછળ, ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૩/૨૦૨૬ બપોરના ૧૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિશાલભાઈ જગમાલભાઈ ચલાવે છે.

ઈસનપુરઃ હરીશભાઇ વિનુભાઇ ગુપ્તા (ઉ.વ.૩૬)(રહે.રબારીવાસ, કેનાલ રોડ, ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૨/૨૦૨૬ રાતના ૧૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડના પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રતાપસિંહ ફતેસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી